કેસ રજુ તા.:૧૧/૧૦/૨૦૨૨.
કેસ દાખલ તા.:૧૧/૧૦/૨૦૨૨.
કેસ ફેંસલ તા.:૧૦/૧૦/૨૦૨૩.
અવધિ :–<u>વર્ષ. માસ. દિવસ.</u>
૦૦ ૧૧ ૨૯

## ***<u>મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. પાલિતાણા.</u>***

**<u>ફોજદારી કેસ નં–૧૫૦૮/૨૦૨૨.</u>**

આંક–૧૧

સરકારશ્રી. ***.....ફરિયાદી.***

**વિરૂદ્ધ**

દિલીપભાઈ જાગાભાઈ વાઘેલા.
રહે. પાલિતાણા.

***.....આરોપી.***

***ગુનોઃ–<u>ધિ પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એફ) અન્વયે.....</u>***

---

*સરકારશ્રી તરફે :–વિ.એ.પી.પી.શ્રી એસ.આર.વનાળીયા.*
*આરોપી તરફે :–વિ.વ.શ્રી એમ.એમ.ગોહિલ.*

---

## <u>–/:(ઠ રા વ):/–</u>

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઇ તા.૩/૯/૨૦૨૨ના રોજ કલાકઃ૧૬/૧૦ વાગ્યાના સુમારે, આ કામના આરોપીએ પોતાના કબજા–હવાલાના રહેણાંક મકાનમાં, ગેરકાયદેસર, વગર પાસ–પરમીટે, દારૂ બનાવવાનો આથો લિટર–૭૫, કિંમત રૂ.૧૫૦/–તથા પતરાના ડબ્બા નંગ–૫, કિંમત રૂ.૨૫/–મળી, કુલ રૂ.૧૭૫/–નો મુદ્દામાલ રાખી, રેઇડ દરમિયાન હાજર નહી મળી આવી, પાછળથી પકડાઇ જઇ, ધિ પ્રોહિ. એકટની કલમ–૬૫(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ

હોઇ, ફરીયાદીની ફરીયાદ પરથી ગુનો રજિસ્ટર કરી, તે અંગેની તપાસ કરી, આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) આરોપી વિરૂદ્ધ ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે આરોપીને બજી ગયા બાદ, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કરી, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૦(૧) મુજબ આરોપી ઉપર આંક–૪થી સદર ગુન્હાનું તહોમતનામુ ફરમાવી, સદર તહોમતનામુ આરોપીને વાંચી–સંભળાવી, આંક–પથી પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરી, કેસ આગળ ચલાવવાનું જણાવતા, કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમની સામે પડેલ પુરાવાઓનો ઇન્કાર કરી, તેઓ નિર્દોષ છે અને આ કામમાં તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ હોઇ, નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો વંચાણે લેતા, મુદ્દામાલ રીકવરી/આરોપીના અટક પંચનામાના બન્ને પંચો પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતા નથી. જ્યારે, ફરીયાદી પોલીસ સાહેદ હોઇ, તેઓના પુરાવા ઉપર આધાર રાખી, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતુ નથી.

(૪) વધુમાં, State V/s. Raijibhai Chaturbhai Solankiના કેસમાં નામ. કોર્ટ દ્વારા જે સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવેલ છે, તે હાલના કેસમાં સંપુર્ણપણે લાગુ પડે છે, જે નીચે મુજબ છે :–

"...Where the presence of the Panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated and that if the is no such corroboration ordinarily a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search".

"...The corroboration tha would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search".

**(૫)** આમ, આ કામે જ્યારે એકપણ પંચસાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી ત્યારે, ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ, મુદ્દા નંબર–૧નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર–ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:(/હુ ક મ/):–</u>**

**૧.** આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડ–૧૯૭૩ની કલમ–૨૪૮(૧) અન્વયે, ધિ પ્રોહિ. એકટની કલમ–૬૫(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**ર.** મુદ્દામાલનો અપીલ સમય વીત્યે, કાયદાનુસાર નિકાલ કરવો.

**૩.** આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ–૧૦, માહે–ઓકટોબર, સને–૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી –સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ:પાલિતાણા.

**(રિતેશ વિનોદકુમાર પટેલ)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ–પાલિતાણા.
(કોડ નં.–જી.જે.–૦૧૬૮૬).

એચ.બી.જોષી(પી.એ.).